મન્યા ડુક્કર અને બારકુ પાટિલ ગેંગનો શાર્પ શૂટર પકડાયો

સુરત : ઉધના વિસ્તારમાં ચર્ચાસ્પદ બનેલા ભાજપ કાર્યકર્તા જય દલાલ મર્ડર કેસ તેમજ લિંબાયતમાં કન્ટ્રાક્ટર પાસેથી રૂપિયા ૧૫ લાખની ખંડણી (એક્સ્ટોર્શન) માંગવાના ગુનામાં સુરત ક્રાઇમ બ્રાન્ચે હાલ 3 પિસ્તોલ અને જીવતા રાઉન્ડ જપ્ત કરી ગણેશ બટાકાની વિધિવત ધરપકડ કરી છે.

પાંડેસરામાં મેલેરિયામાં યુવકનું મોત

સુરતઃ પાંડેસરામાં મેલેરિયામાં યુવકનું મોત થયું હતું. મુળ ઉત્તરપ્રદેશના વતની વિજય યાદવ (ઉ.વ.45) હાલમાં પાંડેસરા નાગસેન નગરમાં આવેલા વાસ્તુપૂજન રેસિડેન્સીમાં રહેતો અને અને સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો. વિજયને છેલ્લા ચાર દિવસથી તાવ આવી રહ્યો હતો. જેની તે સારવાર પણ લઈ રહ્યો હતો. રિપોર્ટ કરાવતા તેને મેલેરિયા હોવાનું નિદાન થયું હતું. આજે સવારે તે રૂમમાં હાજર હતો. ત્યારે અચાનક તેને શ્વાસ લેવાની તકલીફ થવા લાગી હતી. જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

ભાટપોરમાંથી ૧૧ પશુની ચોરીમાં 3 લાખની રોકડ સાથે ત્રણ ઝડપાયા

સુરત : ભાટપોર ગામના તાપી ફળિયામાં રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા પ્રવિણભાઈ ગોવિંદભાઈ પટેલ તથા અન્ય પશુપાલકોના કુલ ૧૧ પશુઓની ચોરી પ્રકરણમાં ઈચ્છાપોર પોલીસે મુખ્ય સૂત્રધાર પ્રકાશ ઉર્ફે પકો ઈશ્વરભાઈ રબારી (ઉ.વ. ૩૮, રહે, પ્રશાંત સોસાયટી વિભાગ-૦૧, પાલનપુર જકાતનાકા રાંદેર), સરતાન ઉર્ફે ભરત અરજણભાઈ રબારી (ઉ.વ. ૩૦, રહે. જલારામ મંદિર ગૌશાળા, પાલ) અને ચોરીના પશુ ખરીદનાર વેપારી આસિફ રિયાઝુદ્દીન કુરેશી (ઉ.વ. ૨૬, રહે. બોટનિકલ ગાર્ડનની સામે અમીશભાઇ પટેલના તબેલામાં મોરા ભાગળ)ની ધરપકડ કરી તેમની પાસેથી રોકડા 3 લાખ રૂપિયા કબજે કર્યા હતા.

નવી બંધાતી બિલ્ડિંગના ચોથા માળેથી પટકાતાં યુવકનું મોત

સુરતઃ મૂળ બિહારના વતની અને હાલ મોટા વરાછા ખાતે નવી બંધાતી બંસરી એવન્યુ નામની બિલ્ડિંગમાં 33 વર્ષીય મોહમ્મદ ઇસ્લામ સગીરુદ્દીન મોહમ્મદ રહેતો હતો. તે ત્યાં જ સાઇડ પર સેન્ટ્રિંગ કામ કરી વતનમાં રહેતા ત્રણ સંતાન સહિતના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. કાલે સવારે મો. ઇસ્લામ બિલ્ડિંગના ચોથા માળે સેન્ટ્રિંગ કામ કરી રહ્યો હતો. ત્યારે તે નીચે પટકાયો હતો. જેથી ગંભીર ઇજાગ્રસ્ત હાલતમાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઇ જવાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

ભટારમાં બીમારીથી કંટાળીને વૃદ્ધાએ ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

સુરતઃ ભટારમાં બીમારીથી કંટાળીને વૃદ્ધાએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. ભટાર રોડ પર આવેલા પૂનમ નગર સોસાયટીમાં દેવીબેન છગનભાઈ કટારીયા (ઉ.વ.84) પરિવાર સાથે રહેતા હતા. દેવીબેનના સંતાન પૈકી એક પુત્ર અમેરિકામાં રહે છે તેમજ દેવીબેન છેલ્લા કેટલાક સમયથી પેટમાં દુખાવો અને આંતરડાની બીમારીથી પીડિતા હતા. સોમવારે રાત્રે દેવીબેને પંખા સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. દેવીબેને આપઘાત પહેલા એક સુસાઇડ નોટ લખી હતી, જેમાં આમાં કોઈનો વાત નથી, બીમારીથી કંટાળીને આ પગલું ભરું છું. તેવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો. બનાવને પગલે ખટોદરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કોલસા-કેમિકલ ભાવ 25% સુધી વધી જતાં મામલો ગંભીર બન્યો

પ્રોસેસર્સ ફરી જોબચાર્જ વધારશે

જોબચાર્જમાં વધારો કરવા આગામી સપ્તાહે SGTPAની વધુ એક બેઠક યોજાશે

સુરતઃ કોલસા તેમજ કલર, ડાઈઝ અને કેમિકલ્સના ભાવમાં છેલ્લા કેટલાક દિવસોમાં 20થી 25 ટકા સુધીનો વધારો થતાં SGTPAના સભ્યો ફરી એક વખત પ્રોસેસિંગના જોબચાર્જમાં વધારો કરવાની માંગ કરી રહ્યાં છે. એને લઈ આગામી સપ્તાહે એસોસિએશનની વધુ એક બેઠક બોલાવી પ્રોસેસિંગના દરમાં ફેરફાર અંગે નિર્ણય લેવામાં આવશે.

SGTPAના પ્રમુખ જીતેન્દ્ર વખારિયાએ જણાવ્યું હતું કે, “તા. 27/08/2026ની બેઠકમાં પ્રોસેસિંગના જોબચાર્જમાં 10થી 15 ટકા વધારો જાહેર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. પરંતુ ત્યારબાદ પણ કોલસા, કેમિકલ અને ડાઈઝના ભાવમાં 20થી 25 ટકા સુધીનો વધારો થયો છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને વધુ ભાવવધારા અંગે વિચારણા કરવા આગામી સપ્તાહે SGTPAની વધુ એક મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવશે. આજની બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યોએ એક જ સૂર વ્યક્ત કર્યો હતો કે, વધતા ખર્ચની સામે અગાઉ જાહેર કરાયેલો જોબચાર્જ વધારો પણ હવે પૂરતો સાબિત થતો નથી. આજે યોજાયેલી બેઠકમાં પ્રમુખ જીતુભાઈ વખારિયા ઉપરાંત મુખ્ય વક્તાઓ તરીકે પ્રમોદભાઈ ચૌધરી, મિતુલ મહેતા, કમલવિજય તુલસ્યાન, મનીષભાઈ અગ્રવાલ, શ્યામજી અગ્રવાલ અને સુરેશભાઈ અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા. તમામે પોતાનો મત વ્યક્ત કર્યો હતો.

પ્રોસેસર્સ માટે નફો કમાવવાનો નહીં, પરંતુ અસ્તિત્વ ટકાવી રાખવાનો સમય છે: કમલવિજય તુલસ્યાન

પાંડેસરા ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ તથા SGTPAના અગ્રણી કમલવિજય તુલસ્યાનએ જણાવ્યું હતું કે, વૈશ્વિક પરિસ્થિતિના કારણે કોલસા, કેમિકલ્સ અને ડાઇઝના ભાવ સતત વધી રહ્યા છે. આવી સ્થિતિમાં પ્રોસેસર્સ નુકસાન વેઠીને લાંબા સમય સુધી જોબવર્કનું કામ કરી શકે તેમ નથી. હાલમાં મિલ માલિકો - પ્રોસેસર્સ માટે નફો કમાવવાનો નહીં, પરંતુ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાનો સમય છે.” તુલસ્યાનએ જણાવ્યું હતું કે,“પ્રોસેસર્સ અને વેપારીઓ વચ્ચે કોઈ લડાઈ નથી. બંને પક્ષો પરસ્પર સમજદારી અને સહકારથી કામ કરી રહ્યા છે. પરંતુ હવે મિલ માલિકો અને વેપારીઓએ પણ સાથે મળીને ઉદ્યોગને બચાવવા માટે સમજદારીપૂર્વક નિર્ણય લેવાનો સમય આવી ગયો છે. ટેક્સટાઇલ ઉદ્યોગ એકબીજા સાથે જોડાયેલી સમગ્ર વેલ્યુચેઇન છે. જો આ ચેઇનની કોઈ એક મહત્ત્વપૂર્ણ કડી નબળી પડશે તો સમગ્ર ટેક્સટાઇલ ઉદ્યોગ પર તેની ગંભીર અસર પડશે.”

શિષ્યવૃત્તિની માટેની કામગીરીમાં સુરતની ૨૮૨ શાળા બેદરકાર

૨,૦૨૨ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની દરખાસ્ત હજુ બાકી

૧૦ દિવસમાં કામગીરી પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી

સુરત : અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિની કામગીરીમાં સુરતની ૨૮૨ શાળાઓની ધીમી ગતિ સામે આવી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ધોરણ ૯ અને ૧૦ના કુલ ૨,૦૨૨ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની દરખાસ્ત હજુ સુધી તૈયાર થઈ નથી. પરિણામે પાત્ર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ મળવાની પ્રક્રિયા અધૂરી રહી છે.

વિદ્યાર્થીઓને શૈક્ષણિક ખર્ચમાં સહાય મળી રહે તે હેતુથી અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગ દ્વારા પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અમલમાં મૂકવામાં આવે છે. આ યોજના હેઠળની સમગ્ર કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફતે ઓનલાઇન કરવાની હોય છે. તેમ છતાં સુરત જિલ્લાની ૨૮૨ શાળાઓ દ્વારા જરૂરી દરખાસ્તની કામગીરી પૂર્ણ કરવામાં આવી નથી. શિષ્યવૃત્તિ મેળવવા માટે પાત્ર વિદ્યાર્થીઓની વિગતો સહિતની દરખાસ્ત શાળા કક્ષાએથી ઓનલાઇન પ્રક્રિયા દ્વારા આગળ ધપાવવામાં આવે છે. શાળાઓ દ્વારા સમયસર દરખાસ્ત નહીં કરવામાં આવે તો આગળની ચકાસણી અને મંજૂરીની પ્રક્રિયા પણ વિલંબિત થઈ શકે છે. જેના કારણે પાત્ર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ મેળવવામાં મુશ્કેલી ઊભી થવાની શક્યતા છે. આ સ્થિતિને ધ્યાનમાં લઈ અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગે સુરતના જિલ્લા શિક્ષણાધિકારીને પત્ર પાઠવી બાકી રહેલી કામગીરી અંગે ગંભીરતાથી કાર્યવાહી કરવા જણાવ્યું છે. ૨૮૨ શાળાઓમાં બાકી રહેલી ૨,૦૨૨ વિદ્યાર્થીઓની દરખાસ્તની કામગીરી આગામી ૧૦ દિવસમાં પૂર્ણ કરાવવા તાકીદ કરવામાં આવી છે.

વિભાગે સ્પષ્ટ કર્યું છે કે શાળા કક્ષાની કામગીરીમાં વિલંબના કારણે કોઈપણ પાત્ર વિદ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. આથી જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા બાકી રહેલી શાળાઓને કામગીરી ઝડપથી પૂર્ણ કરાવવા માટે સૂચના આપવામાં આવે તેવી શક્યતા છે.

શેરબજારમાં રોકાણના નામે સુરતના ઈજનેર સાથે ૩૭.૧૫ લાખની ઠગાઈ

વોટ્સએપ ગ્રૂપ, વિદેશી નંબરો અને ખોટા IPO એલોટમેન્ટની લાલચ અપાઈ હતી

સુરત : શેરબજારમાં રોકાણના નામે સુરતના ઈજનેર સાથે રૂપિયા 37.15 લાખની ઠગાઈ કરવામાં આવી હતી. પાલનપુર જકાતનાકા વિસ્તારમાં રહેતા અને હજીરા સ્થિત આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ કંપનીમાં ઈલેક્ટ્રિકલ એન્ડ ઓટોમેશન એન્જિનિયર તરીકે ફરજ બીજાવતા ૨૫ વર્ષીય યશ દેવેન્દ્રભાઈ પરમારને ગત તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો, જેમાં શેરબજારમાં રોકાણ કરી દરરોજ ૮% થી ૧૦% નફો મેળવવાની લાલચ આપવામાં આવી હતી. ત્યારબાદ A40 Stock Market Profit Guide નામના વોટ્સએપ ગ્રૂપમાં ઉમેરવામાં આવ્યા હતા. યુવકને વધુ જાળમાં ફસાવવા માટે ગઠિયાઓએ ફૂટલેખન કરેલી પ્લે સ્ટોરની લિંક મોકલી ‘Saltoro In’ નામની બનાવટી ટ્રેડિંગ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. વિશ્વાસ બેસતા યુવકે અલગ-અલગ બેંક ખાતાઓમાં તબક્કાવાર કુલ રૂપિયા ૩૮,૧૬,૦૦૧ જમા કરાવ્યા હતા. શરૂઆતમાં ગઠિયાઓએ વિશ્વાસ કેળવવા માટે રૂપિયા ૧,૦૧,૦૦૧ નું રિફંડ/વિડ્રોઅલ પણ આપ્યું હતું. જોકે, તા. ૧૭ માર્ચના રોજ ‘Saltoro In’ એપમાં “Rajputana Stainless Steel નામનો રૂપિયા ૩૦ લાખનો IPO એલોટ થયેલો દર્શાવાયો હતો. ત્યારબાદ શેર નહીં આપી છેતરપિંડી કરી હતી.

લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે જન્માષ્ટમીની ઉજવણી

ધી સુરત ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસીએશન લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડીયમ ખાતે કૃષ્ણોત્સવ જન્માષ્ટમી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના સભ્યો દ્વારા અભિનીત શ્રી કૃષ્ણની દિવ્ય જીવનલીલાઓ પર આધરીત ભવ્ય નાટક અને રાસ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગોવિંદા મંડળ દ્વારા આકર્ષક લેઝીમ ડાન્સનો રજુ કરી પીરામીડ બનાવી મટકી ફોડવામાં આવી હતી. આ પ્રસંગે ૧૭૦૦ જેટલા સભ્યોએ કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. આયોજન પ્રમુખ કનૈયા કોન્ટ્રાક્ટર અને સેક્રેટરી હિતેશ પટેલની આગેવાનીમાં મનોરંજન કમિટીના કન્વીનર અને પી.આર.ઓ. હેમંત જરીવાલા, સહ કન્વીનર કિશોર પટેલ, મનોરંજન કમિટીના સભ્યોએ કર્યું હતું.

બારીમાંથી કૂદી આપઘાતની ધમકી આપતા યુવકે ફાયર બ્રિગેડને હંફાવ્યું

અલથાણામાં રૂમનો દરવાજો અંદરથી બંધ કરી પરિવારને ધમકી આપતાં પોલીસ-ફાયર બ્રિગેડ દોડી આવી

બેગમપુરામાં ૯૦ વર્ષીય વૃદ્ધ બાથરૂમમાં ઢળી પડતાં લોક તોડી રેસ્ક્યુ કરાયું

સુરતઃ અલથાણા રોડ પર તિરૂપતિ સર્કલ પાસે પેલેડિયમ રેસીડેન્સીના છઠ્ઠા માળે રહેતા ૨૮ વર્ષીય યશ મક્કડે સોમવારે મોડી રાત્રે પોતાના રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. પરિવારજનોએ દરવાજો ખખડાવ્યો છતાં તેણે દરવાજો ખોલ્યો નહોતો. એટલું જ નહીં, દરવાજો ખોલાવશો તો બારીમાંથી નીચે કૂદી જઈશ અથવા ફાંસો ખાઈ લઈશ તેવી ધમકી આપતાં પરિવારજનો ગભરાઈ ગયા હતા. જાણ થતાં પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી હતી. ટીમના અધિકારીઓએ યુવકને સમજાવતાં અંતે તેણે દરવાજો ખોલ્યો હતો અને તેને હેમખેમ રેસ્ક્યૂ કરવામાં આવ્યો હતો.

બીજા બનાવમાં બેગમપુરામાં મોટી ટોકીઝ પાછળ મારિયા મેન્શનમાં રહેતા ૯૦ વર્ષીય હસન અલી ભાલીયાર મંગળવારે સવારે બાથરૂમમાં ગયા બાદ તબિયત લથડતાં અંદર જ ઢળી પડ્યા હતા. દરવાજો ન ખૂલતાં ફાયર બ્રિગેડને જાણ કરાઈ હતી. ફાયર વિભાગની ટીમે સાધનોની મદદથી દરવાજાનું લોક તોડી વૃદ્ધને સલામત રીતે બહાર કાઢ્યા હતા.

મહારાષ્ટ્રીયન કિશોરી પર બે વિધર્મી ભાઈઓનો બળાત્કાર

બજરંગ સેનાની મદદથી મામલો ગોડાદરા પોલીસ મથકે પહોંચ્યો, બંને વિધર્મી ભાઈઓની ધરપકડ

સુરતઃ ગોડાદરામાં ઘરે આવ-જા કરતા સાડીના વેપાર સાથે સંકળાયેલા એક વિધર્મી યુવકે ૧૭ વર્ષીય કિશોરીને પ્રેમજાળમાં ફસાવી શારીરિક શોષણ કરવાનું શરૂ કર્યું હતું. આ અંગેની જાણ વેપારીના ભાઈને થતાં તેણે પણ કિશોરી અને તેની માતાને ધમકાવી શારીરિક શોષણ કર્યું હોવાનું સામે આવ્યું હતું.

મળતી માહિતી મુજબ ગોડાદરા વિસ્તારમાં મૂળ મહારાષ્ટ્રની એક પરિણીતા પતિ સાથે અણબનાવ થતાં એક વર્ષથી પોતાની ૧૭ વર્ષીય સગીર વયની દીકરી સાથે રહેતી હતી.માતાના લટકણના કામને લઈ સાદીર અલી નામનો ઈસમ સાડીઓ આપવા અને લેવા માટે આવતો-જતો હતો. અમિશ અલીએ કિશોરી સાથે સંપર્ક કેળવી તેને પ્રેમજાળમાં ફસાવી અવારનવાર ઘરે પહોંચી જઈ કિશોરી સાથે બળજબરીથી શરીર સુખ માણતો હતો. દરમિયાન અમિશનો મોબાઈલ ફોન તેના મોટા ભાઈ સાદીર અલીના હાથે લાગ્યો હતો. મોબાઈલમાંથી કિશોરી અને અમિશ વચ્ચેના સંબંધોની જાણ સાદીરને થઈ ગઈ હતી. જેથી સાદીરે આ બાબતનો ગેરલાભ ઉઠાવી સગીરાને બ્લેકમેલ કરતો હતો. આ અંગે માતાએ સાદીર અલીને ઠપકો આપતા નરાધમ સાદીરે માતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. માતાના જીવ પર જોખમ જોઈ ગભરાયેલી કિશોરી આખરે સાદીરના વશમાં થઈ ગઈ હતી. બાદ બંને વિધર્મી ભાઈઓ (સાદીર અલી અને અમિશ અલી) અવારનવાર કિશોરી પર શારીરિક ગુજારતા રહ્યા હતા.

કિશોરીએ મહારાષ્ટ્ર ખાતે રહેતા પોતાના દાદાને આપવીતી જણાવતા દાદાએ તાત્કાલિક સુરતમાં પોતાના પુત્રને જાણ કરી હતી. પરિવારે આ મામલે બજરંગ સેનાનો સંપર્ક સાધ્યો હતો. બજરંગ સેનાના સભ્યોએ ગોડાદરા પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો. ગોડાદરા પોલીસે ઘટનાની ગંભીરતા જોઈ તુરંત જ સાદીર અલી અને અમિશ અલી સામે પોક્સો તથા દુષ્કર્મનો ગુનો નોંધી સાદીરઅલી બાજીદઅલી, આમીશઅલી બાજીદઅલી (રહે.,સોમેશ્વર સોસાયટી, ગોડાદરા, મૂળ ઉત્તર પ્રદેશ)ની ધરપકડ કરી છે.

દંપતીને લંડનના વર્ક વિઝા આપવાનું કહી યુકેની ટોળકીએ 28.42 લાખ પડાવ્યા

સુરતઃ મૂળ અમરેલીના બાલાપુર ગામના વતની ચંદ્રેશભાઈ ઉર્ફે સંદીપભાઈ તથા ભાભી આરતીબેનને યુ.કે. નોકરી અર્થે જવું હતું. જેથી લંડન સ્થિત નિશા અને તેના ભાગીદાર મનીષ રમેશભાઈ વાઘાણીએ સુરત આવી જરૂરી ડોક્યુમેન્ટ્સ જોઈને ૧૫ જ દિવસમાં ૩ વર્ષના વર્ક વિઝા, રહેવાની વ્યવસ્થા તથા નોકરી અપાવવાની ખાતરી આપી લાખો રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. બાદમાં અમદાવાદ એમ્બેસી ખાતે પ્રોસેસના નામે પણ ટુકડે-ટુકડે કુલ રૂ. ૨૮,૪૨,૬૭૬ પડાવી લીધા હતા. જે બાદ કુરિયર મારફતે પાસપોર્ટ પરત આવ્યા ત્યારે વિઝા રિજેક્ટ થયા હોવાનું જાણવા મળ્યું હતું. આરોપીઓએ બહાના બતાવવાનું શરૂ કર્યું હતું અને પાછળથી ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા.

ચાર-ચાર મહિના બાદ શિક્ષણ સમિતિની ચૂંટણીનું મુહૂર્ત નીકળ્યું

12 સભ્ય માટે 9 ઓક્ટોબરે મતદાન, 10 ઓક્ટોબરે નહીં પરંતુ 9મીએ જ સાંજે મતગણતરી

સુરતઃ સુરત મનપાની નવી બોર્ડની સામાન્ય ચૂંટણી યોજાયાને ચાર મહિના જેટલો સમય વીતી ગયા બાદ આખરે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ચૂંટણીનું મુહૂર્ત નીકળ્યું છે. આશરે રૂ.1000 કરોડથી વધુનું વાર્ષિક બજેટ, બે લાખ જેટલા વિદ્યાર્થીઓ, 350થી વધુ શાળા અને આશરે 4500 શિક્ષક ધરાવતી શિક્ષણ સમિતિની રચના માટે હવે ચૂંટણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સમિતિના સભ્ય બનવા માટે રાજકીય સ્તરે લોબિંગનો દોર પણ શરૂ થયો છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં કુલ 15 સભ્ય રહેશે. તે પૈકી ત્રણ સભ્યોની રાજ્ય સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવશે, જ્યારે બાકીના 12 સભ્યની પસંદગી પાલિકા બોર્ડ દ્વારા ચૂંટણી મારફતે કરવામાં આવશે. આગામી 9 ઓક્ટોબરે બપોરે 3થી 4 વાગ્યા દરમિયાન સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ ખાતે 12 સભ્યો માટે મતદાન યોજાશે અને તે જ દિવસે સાંજે 4.30 વાગ્યાથી મતગણતરી શરૂ કરવામાં આવશે. પત્રકો 23 સપ્ટેમ્બરે બપોરે 3થી 5 વાગ્યા દરમિયાન સેક્રેટરીની કચેરી ખાતે સ્વીકારવામાં આવશે. 1 ઓક્ટોબરે પત્રકોની ચકાસણી થશે.

કઈ બેઠક માટે કેટલી લાયકાત?

12 બેઠક પૈકી 8 સામાન્ય બેઠકો માટે ઉમેદવાર ઓછામાં ઓછો ધોરણ-7 પાસ હોવો જરૂરી છે. ત્રણ શૈક્ષણિક/વિશેષ લાયકાતની બેઠકો માટે SSC, દ્વિતીય વર્ષ શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા અથવા સમકક્ષ/ઉચ્ચ લાયકાત જરૂરી છે. જ્યારે SC/ST માટેની એક બેઠક માટે ઉમેદવાર ઓછામાં ઓછો ધોરણ-4 પાસ હોવો જરૂરી છે. મનપાની નવી ચુંટાયેલી બોર્ડની રચના બાદ ચાર મહિના પછી શિક્ષણ સમિતિની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થતાં હવે રાજકીય પક્ષો અને પાલિકા બોર્ડના સભ્યોમાં પોતાના પસંદગીના ઉમેદવારોને સમિતિમાં સ્થાન અપાવવા માટેની હલચલ તેજ થવાની શક્યતા છે.

નફાખોરી ૩.1થી ૩.10ના સિક્કા માટે વેપારીઓને ૩.15થી ૩.30 સુધી વધુ ચૂકવવા પડે છે

ચલણી સિક્કા વેચતા એજન્ટોની લૂંટ

બેન્કોમાંથી પૂરતો પુરવઠો નહીં મળતાં પરચૂરણની સમસ્યા વકરી

તહેવારો દરમિયાન ખરીદી વધતાં પરચૂરણની જરૂરિયાત પણ વધી

સુરતઃ સુરતનાં બજારોમાં ચલણી સિક્કાની અછત વકરતી જતી સમસ્યા બની ગઈ છે. છેલ્લા કેટલાક મહિનાઓથી રૂ.1, રૂ.2, રૂ.5 અને રૂ.10ના સિક્કાની પૂરતી ઉપલબ્ધતા નહીં હોવાને કારણે વેપારીઓથી માંડીને ગ્રાહકો સુધી સૌ કોઈ મુશ્કેલીમાં મુકાયા છે. સિક્કાની અછતનો લાભ લઈ કેટલાક ખાનગી એક્સચેન્જર્સ અને એજન્ટ સિક્કાનાં પેકેટ માટે રૂ.15થી રૂ.30 સુધીનો ચાર્જ વસૂલી રહ્યા છે.

સુરતના ભાગળ વિસ્તારમાં રૂવાળા ટેકરા આસપાસ ચલણી નોટો અને સિક્કાના એક્સચેન્જનું મોટું બજાર છે. અહીં નાના-મોટા વેપારીઓ ચલણી સિક્કા અને નોટોની આપ-લેનો વ્યવસાય કરે છે. જે અંગે એક વેપારીએ જણાવ્યું હતું કે, ચલણી સિક્કાની અછત કોરોના કાળ બાદથી જ જોવા મળી રહી છે. બીજી તરફ છેલ્લા કેટલાક મહિનાઓથી નવા સિક્કાઓનો પૂરતો પુરવઠો ન મળતાં જૂના સિક્કાઓ જ બજારમાં ફરતા રહે છે. પરિણામે માંગની સરખામણીએ પુરવઠો ઘટતાં સિક્કાની અછત વધી છે. સિક્કાના રૂ.100 કે રૂ.200નાં પેકેટની જરૂરિયાત ધરાવતા વેપારીઓને હવે તેની મૂળ કિંમત ઉપરાંત ચાર્જ ચૂકવવો પડી રહ્યો છે. તહેવારો દરમિયાન ખરીદી વધતાં પરચૂરણની જરૂરિયાત પણ વધી જતી હોવાથી સ્થિતિ વધુ વિકટ બની છે. શાકભાજી વિક્રેતાઓ, કરિયાણાના વેપારીઓ, મેડિકલ સ્ટોર, સ્ટેશનરીની દુકાનો, રિક્ષાચાલકો તેમજ નાના દુકાનદારોને ગ્રાહકોને પરચૂરણ પરત આપવામાં સૌથી વધુ મુશ્કેલી પડી રહી છે.

કેટલાક વેપારીઓએ ‘પ્લાસ્ટિક સિક્કા’નો જુગાડ કર્યો

ચલણી સિક્કાની અછત વચ્ચે શહેરના કેટલાક વિસ્તારોમાં કરિયાણા વેપારીઓએ પોતાની રીતે અનોખો રસ્તો અપનાવ્યો હોવાનું જાણવા મળે છે. ભાગળ ખાતે ચલણી નોટ-સિક્કાના એક્સચેન્જના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીના જણાવ્યા મુજબ કેટલાક કરિયાણા વેપારીઓએ રૂ.1, રૂ.2, રૂ.5 અને રૂ.10ના મૂલ્ય દર્શાવતા પ્લાસ્ટિકના ચોક્કસ રંગના ટોકન તૈયાર કરાવ્યા છે. આ ટોકન ઉપર સંબંધિત દુકાનનું નામ તેમજ તેની કિંમત અંકિત કરવામાં આવે છે. ગ્રાહકોને પરચૂરણના બદલે આવાં ટોકન આપવામાં આવે છે અને તે જ દુકાન પર આગામી ખરીદી વખતે ચલણ તરીકે સ્વીકારવામાં આવે છે. એટલે કે, આ ટોકનનું ચલણ સામાન્ય બજારમાં નહીં પરંતુ તેને જારી કરનારી ચોક્કસ દુકાન પૂરતું મર્યાદિત રહે છે.

પ્લાસ્ટિક આપી ગણેશજી લેવા ઊમટેલા સુરતીઓના ઉત્સાહથી સ્ટોક ખલાસ

મનપાના 9 ઝોનમાંથી 1200 કિલોથી વધુ પ્લાસ્ટિક એકત્ર થતાં વધુ 500 મૂર્તિનો ઓર્ડર

સુરતઃ સુરત મનપાના આરોગ્ય વિભાગ દ્વારા ગણેશોત્સવ પૂર્વે શરૂ કરાયેલી પર્યાવરણલક્ષી પહેલને સુરતીઓનો જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. શહેરમાંથી રિ-યૂઝ થઈ શકે તેવા પ્લાસ્ટિક કચરાનો સંગ્રહ કરવા સાથે નાગરિકોને માટીની ઈકો-ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા આપવા માટે શરૂ કરાયેલા અભિયાનમાં ગણતરીના દિવસોમાં જ 750 મૂર્તિનો સ્ટોક પૂરો થઈ ગયો છે. નાગરિકોનો ઉત્સાહ જોતાં હવે તંત્રએ વધુ 500 માટીની મૂર્તિઓ તૈયાર કરાવવાનો ઓર્ડર આપ્યો છે. મનપા દ્વારા શહેરના તમામ નવ ઝોનમાં પ્લાસ્ટિક કલેક્શન સેન્ટર્સ કાર્યરત કરવામાં આવ્યાં છે. અહીં અત્યાર સુધીમાં 1200 કિલોથી વધુ રિ-યુઝેબલ પ્લાસ્ટિક વેસ્ટ એકત્ર થઈ ચૂક્યો છે.

ઘરો અને સ્ટોર રૂમમાં પડેલા બિનઉપયોગી પ્લાસ્ટિકને નાગરિકો સેન્ટર્સ સુધી પહોંચાડી રહ્યા છે. એક કિલો પ્લાસ્ટિક જમા કરાવનારને વિનામૂલ્યે માટીમાંથી તૈયાર કરાયેલી ગણેશજીની પ્રતિમા આપવામાં આવી રહી છે. આ પહેલમાં પર્યાવરણ સંરક્ષણની સાથે મહિલાઓને રોજગારી અને આત્મનિર્ભરતા સાથે જોડવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે.

મનપાના UCD વિભાગ હસ્તકના સ્થાનિક સખીમંડળો દ્વારા શાસ્ત્રોક્ત પદ્ધતિથી માટીની નાની ગણેશ પ્રતિમાઓ તૈયાર કરવામાં આવી છે. પરિણામે પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ અને મહિલા સશક્તિકરણ બંને હેતુ એકસાથે સિદ્ધ થઈ રહ્યા છે. હવે વધુ પ્રતિમા પણ લોકો લઈ જાય તેવું મનાઈ રહ્યું છે.

પ્લાસ્ટિકના કાયમી નિકાલ માટે હવે કાયમી સેન્ટર્સ

ગણેશોત્સવ પૂરતો અભિયાન મર્યાદિત ન રહે અને નાગરિકોમાં પ્લાસ્ટિકના યોગ્ય નિકાલની કાયમી ટેવ વિકસે તે માટે મનપા લાંબા ગાળાનું આયોજન કરી રહી છે. આગામી સમયમાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ સાથે સંકળાયેલી એજન્સીઓ મારફતે શહેરના વિવિધ વિસ્તારોમાં કાયમી કલેક્શન સેન્ટરો ઊભાં કરવાની દિશામાં કામગીરી હાથ ધરાશે. નાગરિકોને પ્રોત્સાહિત કરવા માટે ભવિષ્યમાં પણ વિવિધ પ્રોત્સાહક ઇનામો આપવાનું આયોજન છે.